ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૭/૨૩-૨૪/ 1356 તારીખ : 21 SEP 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૨૭/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી જીંજાળા આતુભાઈ કાનાભાઈ,**
**મું.વેળાવદર,**
**તા.તળાજા,**
**જી.ભાવનગર.**

**મો.નં-૯૯૨૫૬ ૬૬૬૨૦**

**વિષય : મીટર ચેન્જમાં અન્યાય અને ખોટું બિલ આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૨/૦૭/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૪/૦૭/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૭/૨૩-૨૪/૧૧૭૪ તા.૨૬/૦૭/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૭/૨૩-૨૪/૧૨૧૯ તા.૧૧/૦૮/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૨/૦૮/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **પેટા વિભાગીય કચેરી-૨, તળાજા.**

**(ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૨૭/૨૩–૨૪ ☜

વાદી :– **શ્રી જીંજાળા આતુભાઈ કાનાભાઈ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૨/૦૮/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી જીંજાળા આતુભાઈ કાનાભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.જી.ઠુમ્મર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી જીંજાળા આતુભાઈ કાનાભાઈ, મું.વેળાવદર, તા.તળાજા, જી.ભાવનગરની મીટર ચેન્જમાં અન્યાય અને ખોટું બિલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૭/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૭/૨૩–૨૪/૧૧૭૪ તા.૨૬/૦૭/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૨/૦૮/૨૦૨૩ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી જીંજાળા આતુભાઈ કાનાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.જી.ઠુમ્મર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ફરીયાદી જીંજાળા આતુભાઈ કાનાભાઈ ખેતીકામ કરી ઉપર જણાવેલ સરનામે અમારા ઘર પરિવાર સાથે રહીએ છીએ. અમોએ સામાવાળા પાસેથી ઘર વપરાશ માટેનું વિજ જોડાણ લીધેલ છે. જેનો ગ્રાહક નં – ૬૧૪૦૩૦૧૭૨૦૪ છે. સામાવાળા વિજ વિતરણ અને સંચાલન/નિભાવની કામગીરી સાથે સંકળાયેલા છે.

૧.૨ અમારા કેસની હકીકત એવી છે કે, અમારૂં વિજ મીટર બંધ હતું એ બાબતની જાણ અમોએ તા.૦૯.૧૨.૨૦૨૧ ના રોજ સામાવાળા ને કરેલ જે અરજીની સામે અમોએ રસીદ નં–૧૧૯૯૪૧ થી રૂા.૧૨૯/૮૦ ભરેલ. સામાવાળાએ તે બાબતે કોઈ કાર્યવાહી કરેલ નથી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

૧.૩ તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ ચેકીગ કરેલ તેના અનુસંધાને તા. ૦૧/૦૮/૨૦૨૨ ના પત્રથી રૂા.૪૦,૬૫૮/– નું આકારણી બિલ મોકલી આપેલ.

૧.૪ તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ બનાવેલ ચેકીગ શીટમાં જણાવેલ હકીકત તદન ખોટી અને પાયા વિહોણી છે. જે અમોએ તા.૧૩/૦૫/૨૦૨૨ ના પત્રથી સામેવાળા જણાવેલ છે. ચેકીગ સમયે અમો હાજર હતા. ચેકીગશીટ સ્થળ પર બનાવેલ નથી અને અમારી સહી પણ લીધેલ નથી.

૧.૫ તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ ચેકીગ સમયે અમારૂં મીટર બંધ હતું તેવું તો સામેવાળા ચેકીગશીટ માં લેખિતમાં સ્વીકારે છે. જો મીટર બંધ જ હતું તો અમારે ખેતીવાડી જોડાણ પરથી વિજળી વાપરવાની જરૂર જ શા માટે ? આમ, ચેકીગશીટ માં કરેલ આક્ષેપ તદન ખોટા અને પાયા વિહોણા છે.

૧.૬ તા.૦૭/૦૫/૨૦૨૨ ની નોટીસનો અમોએ તા.૧૩/૦૫/૨૦૨૨ ના પત્રથી લેખિત રજી.એડી થી સામેવાળાને આપેલ છે.

૧.૭ તા.૨૫/૦૧/૨૦૨૩ ના રોજ અમારૂં મીટર સામાવાળા લઈ ગયેલ છે.

૧.૮ સામાવાળાની સેવામાં ક્ષતિ/બેદરકારી છે જે બિલ્કુલ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. તા.૦૯/૧૨/૨૦૨૧ ના રોજ મીટર બદલાવવા માટે રસીદ નં–૧૧૨૭૪૧ થી રૂા.૧૨૯/૮૦ ભરેલ તે બાબતે કોઈ કાર્યવાહી કરેલ નથી.

૧.૯ તા.૦૭/૦૫/૨૦૨૨ ના પત્રમાં જણાવ્યા મુજબ લેબોરેટરીમાં મીટર ચકાસણી દરમ્યાન ગેરરીતી માલૂમ પડેલ છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના નિયમ–૭.૧૦ મુજબ (૧) લેબોરેટરીમાં પરીક્ષણ સમયે હાજર રહેવા માટે અમોને કોઈ જાણ કરેલ નથી. (૨) લેબ પરીક્ષણ રીપોર્ટની નકલ આજ દિવસ સુધી અમોને આપેલ નથી.

૧.૧૦ સામેવાળા પીજીવીસીએલ ના અધિકારીઓ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગીક બાબતો, વિનિયમો, વિદ્યુત જાહેરનામા ક્રમાક–૪/૨૦૧૫ ની કલમો અનુસરેલ નથી.

૧.૧૧ આ તમામ કામગીરીની શરૂઆત તા.૧૮/૦૧/૨૦૨૨ થી થયેલી છે. જે દિવસે પીજીવીસીએલના કેટલાક માણસો અમારી માલીકીના રેવન્યુ સર્વે નં–૧૫ પૈકી ૧/પૈકી ૧ માં નવી વિજ લાઈન ઉભી કરવા માટે ખાડા કરવા માટે આવ્યા હતા અને તેઓએ અમારા ખેતરમાં અમોને નડતર રૂપ થાય તેવી રીતે ખેતરમાં વચ્ચે ખાડા ખોદતા હતા તેઓને અમે જણાવેલ કે ખેતરમાં વચ્ચે જે ખાડા તમે ખોદો તે અમોને નડતર રૂપ છે. તમો, ખેતરના દરીયા દી–શેઢે ખાડા ખોદો અને ત્યાં પોલ ઉભા કરો તો અમોને કોઈ વાંધો નથી, તેમ અમોએ જણાવેલ. જેથી, તે માણસો જતા રહયા હતા. જેની અદાવત રાખીને અમોને માત્ર હેરાન કરવાના ઉદેશથી અમારી સામે બદલાની ભાવના થી ઉપર મુજબની તમામ કાર્યવાહી કરેલ છે, તેવું અમારૂં દ્રઢપણે માનવું છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીશ્રી જીજાળા આતુભાઈ કાનાભાઈ,વેળાવદર ગામમાં ૬૧૪૦૩૦૧૭૨૦૪ નંબરનું AGRL હેતુનું વિજ કનેકશન ધરાવે છે. જેમણે તળાજા–૨ પેટા વિભાગીય કચેરીમાં 'મીટરમાં પાવર આવતો નથી ' ની ફરીયાદના અનુસંધાને તા.૦૯/૧૨/૨૦૨૧ ના રોજ રીસીલીગ ચાર્જના રૂા.૧૧૦/– + જીએસટી ના પૈસા ભરીને અરજી

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

કરેલ. જેના અનુસંધાને તા.૦૭/૦૫/૨૦૨૨ સુધી તળાજા–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા કોઈ કાર્યવાહી કરેલ નથી.

૨.૨ તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ ચેકીંગ અધીકારી દ્વારા જીજાળા આતુભાઈ કાનાભાઈ ને ચેકીંગ શીટ નં–૨૦૬૪૫ તા.૦૭/૦૫/૨૦૨૨ ભરાઈ હતી. જેના અનુસંધાને હેતુ ફેરનું રૂા. ૪૦,૬૫૮/૩૩ નું પુરવણી બિલ આપવામાં આવેલ હતું તથા તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ હેતુફેર ની ચેકીંગ શીટ ભરેલ હોય, વાદીના વિજ કનેકશનના મીટરના લેબોરેટરી પરીક્ષણની જરૂર રહેલ નહી. તેમજ શ્રી જીજાળા આતુભાઈ કાનાભાઈ ને TLJ-2/ BILLING / 1434 તા.૦૮/૦૬/૨૦૨૩ થી લીગલ નોટીસ પણ આપવામાં આવેલ છે.

૨.૨ જે બાબતે આપનો તા.૧૩/૦૫/૨૦૨૨ નો પત્ર અત્રેની કચેરીને મળેલ. જેના અનુસંધાને આપને ટીએલજે – ૨/૧૯૩૧ તા.૦૧/૦૮/૨૦૨૨ પત્રથી આપની રજૂઆત સાંભળવા તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ કચેરીમાં રૂબરૂ બોલાવવામાં આવેલ.

૨.૪ તેમજ તા.૨૪/૦૧/૨૦૨૩ સુધી વાદી દ્વારા કોઈ રકમ ભરપાઈ કરવામાં આવેલ ન હોય અને વાદીના કનેકશનમાં રૂા.૪૦૫૧૮/– ની રકમ બાકી રહેતી હોય અત્રેની કચેરી દ્વારા તા.૨૫/૦૧/૨૦૨૩ ના રોજ NPDC અન્વયે પ્રફોર્મા નંબર–૨૪૨૦૭ તા.૨૫/૦૧/૨૦૨૩ મીટર તથા સર્વિસ ઉતારી વિજ પુરવઠોબ બંધ કરવામાં આવેલ છે. જે આપ સાહેબની જાણ સારૂં અને યોગ્ય કાર્યવાહી સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી જીજાળા આતુભાઈ કાનાભાઈ, મું. વેળાવદર, તા.તળાજા દ્વારા તેમની મીટર બદલવાની અરજી અંગે પ્રતિવાદી દ્વારા વિલંબથી કાર્યવાહી કરવા બાબત તેમજ પાવર ચોરીનું આપવામાં આવેલ બિલની પ્રક્રિયા સામે વાંધો પડતા ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે રૂબરૂ સુનાવણી આજરોજ તા.૨૨/૦૮/૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ. જેમાં, બંને પક્ષકારોએ હાજર રહી પોતાની રજૂઆતો કરેલ છે.

આ તબકકે ફોરમને કેસને લગતી વધુ વિગતોની જરૂરીયાત ઉભી થતાં પ્રતિવાદી પીજીવીસીએલ ને કેસને લગતા વધુ ડોકયુમેન્ટ, માહિતી રજૂ કરવા જણાવવામાં આવેલ.

૩.૪ પ્રસ્તુત કેસ ને ફોરમ દ્વારા ગુજરાત વિદ્યુત નિયત્રક આયોગ ના નોટીફીકેશન ન. ૨/૨૦૧૯ ના ક્લોઝ ન. ૧.૫ (ઘ) અને (ચ) ને ધ્યાને લઇ સાંભળવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**૧.૫ ( (ઘ) :**

"ફરિયાદ" એટલે ફરિયાદીએ લેખિતમાં તેમજ ઈ-મેઈલ અને ટ્રેસીમલ પદ્ધતિથી અથવા ફરિયાદ દાખલ કરવા પરવાનેદારે નિર્દિષ્ટ કરેલા નંબરો હોય તો તેના પર મોખિક રીતે ફોન કરી ને, અથવા ફરિયાદ દાખલ કરવા માટે પરવાનેદાર નામ નિર્દિષ્ટ કરેલા પરવાનેદારની કચેરીઓમાં રૂબરૂ મુલાકાત લઈને પરવાનેદારને કરેલી કોઈપણ ફરિયાદ જેમાં મર્યદા વિના નીચેની બાબતોને

Grievance Redressal P.G.V.C.L. ...nagar Forum

રૂબરૂ મુલાકાત લઈને પરવાનેદારને કરેલી કોઈપણ ફરિયાદ જેમાં મર્યદા વિના નીચેની બાબતોને લગતી ફરિયાદોનો સમાવેશ થાય છે.

૧) આયોગ દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબ પરવાના અને/અથવા કોઈપણ કરારકે સમજુતી અનુસાર અથવા પરવાનેદારોની કામગીરીના ધોરણો સંબધમાં પરવાનેદાર બનાવવાની હાથ ધરેલા કામગીરીની કોઈપણ ભૂલ અપૂર્ણતા, ગુણવતા, સ્વરૂપ અને રીતમાં કોઈપણ ભૂલ, અપૂર્ણતા, ખામી અથવા અપર્યાપ્તતા.

૨) પરવાનેદાર વીજળી સેવા પૂરી પાડવામાં અપનાવેલ કોઈપણ અનુચિત વેપાર-પ્રથા કે પ્રતિબંધક વેપાર પદ્ધતિ.

3) પ્રસ્તુત કાયદા અન્વયે અથવા શાણપણભરી ઉધોગ પદ્ધતિ દ્વારા સ્થાપિત સક્ષમ સત્તાધીકારો દ્વારા કરાવ્યા મુજબ, સલામતી સહિંતા, નિયમો, અને વિનિમયો સહીત લાગુ પડતા કોઈપણ કાયદાની જોગવાઈઓનો ભંગ કરીને લોકોના ઉપયોગ માટે અપાતી વીજળી સેવાઓ, જેના પરિણામો મનુષ્યોની જીદગી અને સલામતી પશુધન કે સંબધિત જોખમ અને ભયમાં મુકાય.

૧.૫ ( (ચ) :

"વીજળી સેવા" માં ગ્રાહકને વીજળી શક્તિનો પુરવઠો. બીલ, મીટર-વ્યવસ્થા અને જાળવણીનો તથા તમામ સહવર્તી પેટા-સેવાઓ તેમજ પરવાનેદારને તેના પરવાના કે કોઈપણ લાગુ પડતા કાયદા મુજબ પૂરી પાડવી જરૂરી લાગે તેવી બીજી કોઇપણ સેવાનો સમાવેશ થાય છે.

3.૫ ઉપરોક્ત કિસ્સામાં પીજીવીસીએલ પક્ષકાર તરીકે નીચે મુજબની ત્રુટીઓ/વિલંબ તેમજ અક્ષમ્ય બેદરકારીના કારણે અરજદારની ફરિયાદ ઉભી થયેલ છે.

૧) ગ્રાહક દ્વારા તારીખ ૦૯/૧૨/૨૦૨૧ના તોજ રીસીલીંગ ચાર્જ પેટે રૂ. ૧૨૯.૮૦ પેસા ની રકમ ભરેલ હોવા છતાં પીજીવીસીએલ દ્વારા તેઓની અરજી સંબધે કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી. જે ઉપરોક્ત મુદા ૨.૧ મુજબ સ્પષ્ટ થાય છે અરજી મુજબ કાર્યવાહી કરેલ નથી. ત્યારબાદ તા. ૦૭.૦૫.૨૦૨૨ ના રોજ વીજ જોડાણની ચકાસણી કરેલ છે.

૨) તા. ૦૭.૦૫.૨૦૨૨ ના રોજ વીજ જોડાણની ચકાસણી કર્યા બાદ પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ પુરવણી બીલ મોકલી આપવામાં આવેલ હતું જેની સામે ગ્રાહક દ્વારા તા. ૧૩.૦૫.૨૦૨૨ ના પત્રથી ચેકિંગ શીટ જણાવેલ બાબતો ખોટી છે તેવી રજૂઆત કરીને પુરવણી બીલ સામે વાંધા રજુ કરેલ પરંતુ તે રજૂઆત અને વાંધા બાબતે પીજીવીસીએલ કચેરી દ્વારા શું કાર્યવાહી કરી તેને લેખિત પુરાવાઓ સહીત ની વિગતો રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૩) પીજીવીસીએલ દ્વારા એવું જણાવવામાં આવે છે કે તા. ૧૩.૦૫.૨૦૨૨ની રજૂઆત સંબધે અરજદાર ગ્રાહકને તા. ૦૬.૦૮.૨૦૨૨ ના રોજ રૂબરૂ કચેરીમાં બોલાવવામાં આવેલ પરંતુ તે દિવસના રોજ કોઈ લેખિત નિર્ણય/ઠરાવ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ નથી.

૪) અત્રે સવાલ ઉપસ્થિત થાય છે કે જો તારીખ ૦૬.૦૮૦.૨૦૨૨ ના રોજ અરજદારને રૂબરૂ કચેરી ખાતે બોલાવવમાં આવેલ હોઈ અને બીલની રકમ ફાયનલ કરવામાં આવેલ હોઈ તો તા. ૨૫.૦૧.૨૦23 સુધીમાં તે રકમ ગ્રાહકના ખાતામાં શા માટે ઉધારવામાં ના આવી ? તા. ૨૫.૦૧.૨૦23 ના રોજ સદર રકમ ઉમેરીને તે જ દિવસે વીજ જોડાણ કાપી નાખવા માટે ક્યાં નિયમો/પ્રક્રિયા લાગુ પાડેલ છે. ?

3.૬ આમ ઉપરોક્ત 3.૪માં દર્શાવેલ અને વિગતવાર વર્ણન મુજબના ક્લોઝ નંબર ૧.૫(૧) અને (૨) પ્રસ્તુત કિસ્સામાં જણાઈ આવે છે.

ગુજરાત વિધુત નિયત્રક આયોગના નોટીફીકેશન ન. ૨/૨૦૧૯ ના ક્લોઝ ન. ૨.૩(૨) ની જોગવાઈને ધ્યાને લેતા કલમ ૧૨૬ હેઠળ આપવામાં આવેલ વીજ ચકાસણીના પૂરવણી બીલ અંગે ગ્રાહક તકરાર નિવારણ ફોરમદ્વારા કોઈ હુકમ કરવાનો રહેતો નથી, પરંતુ આ વિવાદાસ્પદ કીસ્સામાં ઉપર જણાવેલ તમામ અવલોકનો નો અભ્યાસ કરીને પ્રવર્તમાન સપ્લાય કોડ,એસ.ઓ.પી. તેમજ વીજ નિયત્રક આયોગના ધારાધોરણો મુજબની તમામ બાકી રહેતી કાર્યવાહી કરીને ગ્રાહકને વીજ બીલ તેમજ વીજ જોડાણ બાબતે જે અસંતોષ અને ફરિયાદ છે તેનું નિરાકરણ કરવા ઘટતી કાર્યવાહી કરવા કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ પાલીતાણાને સુચના આપવામાં આવે છ. આ કાર્યવાહી દિન 30 માં પૂર્ણ કરીને ફોરમને અહેવાલ રજુ કરવાનો રહેશે.

તદુપરાંત આ તમામ કાર્યવાહી માં ઘોર નિષ્કાળજી બદલ જે તે જવાબદાર નાયબ ઈજનેરની અંગંત જવાબદારી નક્કી કરીને શિસ્તભંગના પગલાં લેવા માટે અને આનુસંગિક કડક કાર્યવાહી કરવા માટે ફોરમ ની સુચના છે જેનો પણ અચૂક અમલ કરવાનો રહેશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦ ૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
( જે.એ.ગોસાઈ )
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

તારીખ :– ૨૨/૦૮/૨૦૨૩